ગાંધીનગર સમાચાર

# મોદી સપ્ટેમ્બરમાં અમેરિકાની મુલાકાતે

નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બરમાં અમેરિકાની ઐતિહાસિક મુલાકાતે જનાર છે. મોદી અમેરિકામાં પ્રમુખ બરાક ઓબામા સાથે વાતચીત કરશે. તેમની






વચ્ચેની વાતચીતને લઈને પહેલાથી જ ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. વડાપ્રધાન બન્યા બાદ વિદેશ નિતી પર લેવામાં આવેલા હજુ સુધીના પોતાના સૌથી મોટા નિર્ણય પૈકી મોદીએ અમેરિકાના પ્રમુખને મળવાનો નિર્ણય કર્યો છે. મોદી આ વર્ષે સપ્ટેમ્બરમાં વોશિંગ્ટનની મુલાકાતે જશે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદીનો બરાક ઓબામાએ ફોન કરીને અભિનંદન આપ્યા હતા. સાથે સાથે વોશિગ્ટન આવવા માટે આમંત્રણ આપ્યું હતુ. બન્ને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબુત કરવાના હેતુથી આ આમંત્રણ આપવામાં આવ્યું હતુ. આ મુલાકાતની સાથે જ મોદીને આવરી લેતા અને લાંબા સમયથી ચાલતા વીઝા વિવાદનો અંત આવી જશે. વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં કોમી હિંસા થયા બાદ અમેરિકાએ વર્ષ ૨૦૦૫માં મોદીને વીઝા આપવાનો ઈન્કાર કર્યો હતો. તેમના અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો હતો. જો કે હવે અમેરિકાએ વીઝા વિવાદનો અંત આણી દીધો છે.અમેરિકાના જુદા જુદા કાનુન હેઠળ મોદીના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૪માં અમેરિકાએ હળવુ વલણ અપનાવ્યં હતુ. એ વખતે અમેરિકી રાજદુત નેન્સી પોવેલ મોદીને મળ્યા હતા. યુરોપિયન યુનિયનના ટોચના નેતાઓ એન બ્રિટનના નેતાઓ પહેલાથી જ મોદીને મળી ચુક્યા હતા. અન્ય દેશોએ મોદી સાથે હાથ મિલાવ્યા બાદ અમેરિકી રાજદુત પણ પહોંચ્યા હતા.૧૬મી મેના દિવસે લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મોદીને ઓબામાએ ફોન કરીને અભિનંદન આપ્યા હતા. મોદી હવે સપ્ટેમ્બરમાં ઓબામાને મળવાની જાહેરાત કરી ચુક્યા છે.

## પીએમ તરીકે મોદીની પ્રથમ વિદેશ યાત્રા જાપાનની રહેશે

નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટુંક સમયમાં જાપાનની યાત્રાએ જશે. એક વડાપ્રધાન તરીકેની મોદીની આ પ્રથમ યાત્રા રહેશે. મોદીની જાપાનની યાત્રાનો કાર્યક્રમ ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. જાપાન તરફથી સુચિત તારીખ આપી દેવામાં આવી છે. જો કે મોદીના કાર્યક્રમની તારીખો હવે જાહેર કરવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ મોદી જુનના અંતે અથવા તો જુલાઈના પ્રથમ સપ્તાહમાં જાપાનની મુલાકાત લે તેવી શક્યતા છે. જાપાનના વિદેશ પ્રધાન ફુમિયો કિસિદા મંગળવારના દિવસે તેમના સમકક્ષ સુષ્મા સ્વરાજને મળ્યા હતા. વિદેશ પ્રધાનતરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સુષ્માની આ પ્રથમ બેઠક હતી. ટોકિયોની જાપાનની યાત્રા માટેની તારીખ નક્કી કરવાને લઈન વાતચીતનો સિલસિલો શરૂ થઈ ગયો છે. ભારતમાં જાપાની રાજદુત તાકેશી યાગી નવા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલને મળી ચુક્યા છે. ગયા સપ્તાહની વાતચીત દરમિયાન મોદીની યાત્રાની સુચિત તારીખ મામલે વાતચીત થઈ હતી. ભારતે આ તારીખો

સ્વીકારી નથી. પરંતુ મળેલી માહિતી મુજબ મોદી જાપાનની યાત્રા કરવા ઉત્સુક છે. નરેન્દ્ર મોદી ૧૫મી જુલાઈના દિવસે બ્રાઝિળમાં યોજાનાર બ્રિક સમિટમાં પણ ભાગ લેવાની ઈચ્છા ધરાવે છે. જાપાનના વડાપ્રધાન શિન્ઝો દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે તેઓ ટોકિયોમાં મોદીનુ સ્વાગત કરવા માટે તૈયાર છે. મોદીના જાપાનની સાથે ખુબ સારા સંબંધ છે. કારણ કે ગુજરાતમાં જાપાની કંપનીઓ મોટા પાયે સક્રિય થયેલી છે. મોદી ગુજરાતના મોડલને સ્વીકારવા માટેની વાત પહેલાથી જ કરી ચુક્યા છે. વ્યુહાત્મક મોરચે જાપાનની સાથે મોદી કેવી રીતે વર્તન કરે છે તે મહત્વપૂર્ણ રહેશે.

## દુનિયાના શ્રેષ્ઠ સર્વિસ આપનાર વિમાનીમથકની યાદીમાં દિલ્હી અને મુંબઈનો સમાવેશ

નવી દિલહી,તા. ૫

દુનિયાના શ્રેષ્ઠ સર્વિસ આપનાર વિમાનીમથકની યાદીમાં દિલ્હી અને મુંબઈનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ બન્ને શહેરોના એરપોર્ટ પર આપવામાં આવેલી સર્વિસની નોંધ લેવામાં આવી છે. નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથક અને મુંબઈમાં છત્રપતિ શિવાજી ઈન્ટરનેસનલ વિમાનીમથક દુનિયાના પાંચ ક્વોલિટી સેવા આપનાર વિમાનીમથકમાં સામેલ થઈ ગયા છે. એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલની એરપોર્ટ સેવા ગુણવત્તાની ૨.૫ કરોડ વાર્ષિક યાત્રી વર્ગમાં દિલ્હી વિમાનીમથક દુનિયામાં બીજા સ્થાને છે. જ્યારે મુંબઈ વિમાનીમથક આ યાદીમાં પાંચમા ક્રમાંકે છે. સાથે સાથે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથકને ૫૦ લાખથી ૧.૫ કરોડ વાર્ષિક યાત્રી ધરાવતા વર્ગમાં સારી સેવા




ગુણવત્તાના મામલે બીજા સ્થાન પર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દિલ્હીમાં ઈન્દિરા ગાંધી આંતરાષ્ટ્રીય વિમાનીમથક પર દેખરેખ રાખનાર કંપની દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમીટેડ દ્વારા કહેવામાં આવ્યું છે કે ૨૭મી મેના દિવસે શિઓલમાં આયોજિત એક કાર્યક્રમમાં એવોર્ડ આપવામાં આવનાર છે. આ ત્રીજી વખત બન્યું છે કે જ્યારે એસીઆઈ તરફથી દિલ્હીને એવોર્ડ મળનાર છે. દિલ્હીના વિમાનીમથકને સેવા ગુણવત્તાના માપદંડમાં પાંચ પૈકીના ૪.૮૪ પોઈન્ટ મળ્યા છે.

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીને એકંદરે છઠ્ઠા સ્થાને રાખવાનો નિર્ણય કરાયો છે. દિલ્હી વિમાનીમથકની ક્ષમતા વાર્ષિક આશરે છ કરોડની છે. વર્ષ ૨૦૧૩માં આ વિમાનીમથકમાંતી આશરે ત્રણ કરોડ ૬૮ લાખ યાત્રી નિકળ્યા હતા.

## એરટેલના પૂર્વ સીઈઓ માઈક્રોમેક્સમાં જોડાયા

નવી દિલ્હી,તા.૦૫

ભારતની સ્માર્ટફોન બ્રાન્ડ માઈક્રોમેક્સે ભારતી એરટેલના ભૂતપૂર્વ સીઈઓ સંજય કપુરને સામેલ કરવાની જાહેરાત કરી દીધી છે. માઈક્રોમેક્સ પ્રમોટર ગ્રુપમાં તેમની એન્ટ્રી થઈ છે. કંપનીના બોર્ડમાં આ અંગેની ચર્ચાઓ ઘણા દિવસોથી ચાલી રહી હતી. કંપની દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, માઈક્રોમેક્સે એરટેલને એક મહાકાય કંપની બનાવવામાં સંજયકપુર દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાની નોંધ લીધી છે અને હવે તેમના અનુભવોનો ઉપયોગ કરવામાં આવશે.



જીએસએમએ, સીઆઈઆઈ, સીઓએઆઈ અને નાસ્કોમ જેવા અગ્રણી ઈન્ડસ્ટ્રી ફોરમમાં તેવો સામેલ રહ્યા છે. નવા ચેરમેનની જાહેરાત કરતા માઈક્રોમેક્સ ઈન્ફોર્માટીસના સહસ્થાપક રાહુલ શર્માએ કહ્યું છે કે, સંજયકપુરને અમારી સાથે સામેલ કરીને અમે ખૂબ જ ખુશ છીએ. માઈક્રોમેક્સના પ્રમોટર ગ્રુપમાં અને અમારા બોર્ડમાં તેમનો સમાવેસ કરાયો છે. ભારતીય કોર્પોરેટ વિશ્વમાં સંજય કપુર સૌથી પ્રતિષ્ઠિત પ્રોફેશનલોમાં સ્થાન ધરાવે છે. દેશમાં છેલ્લા ત્રણ દશકની અંદર સૌથી સફળ ટેકનોલોજી બ્રાન્ડના નિર્માણમાં સંજય કપુરની ભૂમિકા રહેલી છે. અમને વિશ્વાસ છે કે, અમારા અબજો ડોલરના બિઝનેસને તેમના સમાવેશથી આગળ વધવાની તક મળશે. સંજયની પ્રેરણાદાયી લીડરશીપની નોંધ લેવામાં આવશે. માઈક્રોમેક્સ ભારતીય સફળ કંપનીઓમાં સામેલ થઈ ચુકી છે.

## મોદી સરકાર પ્રથમ બે વર્ષ સુધારા ઉપર ધ્યાન આપશે


નવી દિલ્હી, તા.૦૫

નરેન્દ્ર મોદી સરકારે આગામી પાંચ વર્ષ માટે પોતાના એજન્ડાને આખરી ઓપ આપી દીધો છે. મોદી સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા એજન્ડા મુજબ પ્રથમ બે વર્ષ સુધી આર્થિક સ્થિતિને સુધારવા માટે કામ કરવામાં આવશે. જ્યારે આગામી ત્રણ વર્ષ સુધી મોદી સરકાર વિકાસ અને અર્થતંત્રને વધુ ઝડપી બનાવવા ઉપર કામ કરશે. સરકારની નજર પ્રથમ બે વર્ષમાં મૂડીરોકાણકારોના આત્મવિશ્વાસને પુનઃજગાડવા ઉપર રહેશે. સાથે-સાથે અર્થતંત્રને મજબૂત કરવા અને વ્યાપારી ખાદ્યને અંકુશમાં લેવવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરાશે. સુત્રોના જણાવ્યા મુજબ સરકાર ઝડપથી લોકલક્ષી યોજનાને અમલી બનાવતા પહેલા મજબૂત અર્થતંત્રનું ચિત્ર તૈયાર કરશે. વિરાસતમાં મળેલા નબળા અર્થતંત્રને સુધારવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરાશે. સંસદના બજેટ સત્રમાં રાષ્ટ્રપતિના ભાષણ દરમિયાન આ યોજનાઓની રૂપરેખાનો ઉલ્લેખ કરવામાં આવી શકે છે. સામાન્ય બજેટ જુલાઈના પ્રથમ સપ્તાહમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. બજેટ પહેલા કોઈ મોટી આર્થિક યોજનાની જાહેરાત થવાની શક્યતા દેખાઈ રહી નથી. એક ટોચના સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, મોંઘવારી આસમાન ઉપર છે અને સરકારી ખજાનાની હાલત ખરાબ થયેલી છે સરકાર આગામી બે વર્ષમાં મોટાપગલા મારફતે એક એવી મજબૂત આર્થિક આધારશીલા તૈયાર કરશે જેના ઉપર આગળ વધીને ત્રણ વર્ષમાં વિકાસની ગતિને ઝડપી બનાવી શકાશે. સરકારી વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા બાદ જાણવા મળ્યું છે કે, મહેસુલી ખાદ્યને કાબુમાં લેવા માટે મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરાશે. સરકારની મુખ્ય પ્રાથમિક્તા મોંઘવારી ઉપર અંકુશ મુકવાની રહેશે. આવી સ્થિતિમાં આર્થિક મજબુતીના મોરચા ઉપર કોઈ બાંધછોડ કર્યા વગર આર્થિક વિકાસને ફરીથી પાટા ઉપર લાવવાની પણ બાબત મહત્વપૂર્ણ રહેશે.

## મોદી અને અડવાણીના ૧૬મી લોકસભાના સાંસદ તરીકે શપથ

નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેબિનેટ સાથીઓએ આજે ૧૬મી લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા હતા. પ્રોટેમ સ્પીકર તરીકે શપથ લઈ ચુકેલા કોંગ્રેસના વરીષ્ઠ નેતા કલમનાથે વડાપ્રધાનને શપથ લેવડાવ્યા હતા. મોદી પરંપરાગત રીતે ચુડીદાર કુર્તા અને મેચીંગ જેકેટમાં સજ્જ દેખાયા હતા. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ આડવાણી અને કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ પણ શપથ લીધા હતા. આ ત્રણેય નેતાઓએ હિન્દીમાં શપથ લીધા હતા. ત્યારબાદ બીજુ જનતા દળના અર્જુનચરણ શેઠી, નેશનલ પીપલ્સ પાર્ટીના પીએ સાંગમા, કોંગ્રેસના બીરેનસિંહે શપથ લીધા હતા. ત્યારબાદ મોટાભાગના સભ્યોએ નવી લોકસભાના સાંસદ તરીકેના શપથ લીધા હતા. સૌથી રસપ્રદ બાબત એ છે કે, સુષ્મા સ્વરાજે સંસ્કૃતમાં શપથ લીધા હતા. જળસંશાધન અને ગંગા પુનઃસજીવન પ્રધાન ઉમા



ભારતીએ પણ સંસ્કૃતમાં શપથ લીધા હતા. સુષ્મા સ્વરાજ અને ઉમા ભારતીના સંસ્કૃતમાં શપથથી તમામ લોકો પ્રભાવિત થયા હતા. રેલવે પ્રધાન સદાનંદ ગૌડા, રસાયણ અને ખાતર પ્રધાન અનંતકુમાર, નાગરીક ઉડયન પ્રધાન જીએમ સિદ્ધેશ્વરા સહિતના કર્ણાટકના પ્રધાનોએ કન્નડમાં શપથ લીધા હતા. ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ પ્રધાન અને શિરોમણી અકાળી દળના નેતા હરસીમરત કૌરે પંજાબીમાં શપથ લીધા હતા.આદિવાસી બાબતોના પ્રધાન જુએલ ઓરામે ઓરિસ્સાની ભાષામાં શપથ લીધા હતા. જ્યારે આદિવાસી બાબતોના પ્રધાન મનસુખભાઈ વસાવાએ ગુજરાતીમાં શપથ લીધા હતા. જુદા-જુદા પ્રધાનોએ હિન્દીમાં શપથ લીધા હતા. મહિલા અને બાળવિકાસ પ્રધાન મેનકા ગાંધીએ અંગ્રેજી ભાષામાં શપથ લીધા હતા. ૧૬મી લોકસભામાં ૩૧૫ સભ્યો પ્રથમ વખત પહોંચ્યા છે. જે ૩૦ વર્ષના ગૃહના ઈતિહાસમાં સૌથી વધુ સંખ્યા છે. બે નોમીનેટ સભ્યો છે.

## મોદીના નવા જ અવતારથી શશી થરૂર પ્રભાવિત થયા

નવી દિલ્હી,તા.૦૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કામગીરીથી તેમના ટિકાકારો પણ હવે પ્રભાવિત થઈ રહ્યા છે. મોદીની અગાઉ વારંવાર ટિકાટિપ્પણી કરવામાં સામેલ રહેલા કોંગ્રેસના નેતા શશી થરૂર પણ મોદીના પ્રસંશક બની ગયા છે. થીરુવનંતપુરમના સાંસદ શશી થરૂરે વિકાસલક્ષી અભિગમ બદલ નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, મોદીમાં એક નવી પહેલ દેખાઈ રહી છે. વડાપ્રધાન બન્યા બાદ તમામને સાથે લઈને ચાલવાની મોદીના પ્રયાસને શશી થરૂરે મોદી ૨.૦ વર્જન નામ આપ્યું છે અન કહ્યું છે કે આનાથી મોદી ૧.૦ની જગ્યા ઉપર પહોંચી જશે. સાંપ્રદાયિક્તાના નામે મોદી ઉપર સતત પ્રહારો કરી ચુકેલા અને સરકાર બન્યા બાદ હવે પ્રશંસા કરી રહેલા શશી થરૂરે કહ્યું છે કે, મોદીમાં નવી સોચ જોવા મળી રહી છે. એક નવા અવતારમાં સરકારની કામગીરીની પ્રશંસા કરવાથી થરૂર પોતાને રોકી શક્યા નહતા. કોંગ્રેસ નેતાએ કહ્યું હતું



કે, હકારાત્મક વલણની સાથે તમામને સાથે લઈને ચાલવાના પ્રયાસની અમે પ્રશંસા કરીએ છીએ. આની અવગણના કરવી યોગ્ય રહેશે નહીં. મોદીને લઈને તેમની વિચારધારામાં યુટર્ન એક ઓનલાઈન આર્ટીકલ મારફતે સપાટી પર આવ્યા બાદ લોકોમાં ભારે ચર્ચા છે. આ લેખમાં થરૂરે અઆ બાબત ઉપર ભાર મુક્યો હતો કે, બહુમતી મળ્યા બાદ મોદી અને ભાજપના જે વલણને લઈને વિરોધીદળોને શંકા હતી તે શંકા દૂર થઈ ચુકી છે. તમામ લોકો હેરાન છે. મોદી તમામને લઈને ચાલવાના પ્રયાસ કરી રહ્યા છે. શશી થરૂર અને મોદી અગાઉ પણ સામ સામે આવી ચુક્યા છે. મોદીના નવા અવતારને હકારાત્મક ગણાવીને થરૂરે કહ્યું હતું કે, જે રીતે મોદી પોતાની પ્રતિષ્ઠામાં પરિવર્તન કરીને આને આધુનિક્તા અને વિકાસ સાથે જોડીને એક નવી દિશા તરફ લઈ જઈ રહ્યા છે આવી જ રીતે ભાજપે પણ હિંદુત્વથી દૂર રહીને ગવર્નન્સ તરફ આગળ વધવાની જરૂર છે. જો મોદી પોતાની જુની નીતિ તરફ આગળ વધશે તો કોંગ્રેસ પાર્ટી વિરોધ કરવાથી પીછેહઠ કરશે નહીં.

## સમાચાર ઝલક

- હવે ફકત ૩૦ સેકન્ડમાં ચાર્જ થશે મોબાઈલની બેટરી.
- મેઘાલયમાં દુષ્કર્મ અંગેનો સામનો કરનાર સ્ત્રીને ત્રાસવાદીઓએ ઠાર કરી.
- હરિયાણામાં સંઘના વડા મોહન ભાગવતને નડયો કાર અકસ્માત.
- ફોર્બ્સની ૧૦૦ શકિતશાળી મહિલાઓની સુચિમાંથી સોનિયા ગાંધી રદ.
- ભારતની દીકરી ક્ષમા સાવંતે અમેરિકામાં લઘુત્તમ વેતનની બાબતમાં મોટી જીત મેળવી.
- બ્રાઝિલમાં ફુટ વર્લ્ડ કપ ફિવર દેહ વ્યવસાય કરતી સ્ત્રીઓ અંગ્રેજી શીખે છે.
- ગુજરાતમાં આજે પર્યાવરણ દિવસની વિવિધ કાર્યક્રમો યોજીને વિશિષ્ટ રીતે ઉજવણી કરાઈ.
- ભારતમાં બળાત્કારોની હારમાળાથી અમેરિકા અને યુનોની ચિંતા. વિદેશી પ્રવાસીઓમાં ભય.
- નવસારીમાં કમનસીબ ઘટનામાં પૂર્ણા નદીમાં ડુબી ગયેલા ચારેય વિદ્યાર્થીઓ ધો-૧૦માં પાસ થયા. પરીક્ષા આપી નદીમાં નહાવા ગયા હતા.
- શારદા ચિટ ફંડ કૌભાંડમાં એક જ દિવસમાં ૪૬ કેસ નોંધી સીબીઆઈએ વિક્રમ સર્જયો.
- ફિલ્મ અભિનેતા શકિતકપુરે જયપુર એરપોર્ટ પર સીગારેટ ફૂંકતા ફરિયાદ નોંધાઈ.
- નિર્માણધીન હાઈવે પર ટોલટેક્ષ વસુલાત બંધ કરાવાની સક્રિય વિચારણા.
- બીએસએનએલના મોબાઈલ ગ્રાહકો ઈન્ટરનેટ વિના ફેસબુક માત્ર રૂ. ૨૦માં વાપરી શકશે.
- તા. ૧૮ કે ૨૦મીએ કેન્દ્રીય પ્રધાન મંડળનું વિસ્તરણ થશે.
- સુરતમાં આશારામના ચાર સાધકોને પાસા હેઠળ જેલમાં ધકેલાયા.
- ઈંગ્લેન્ડના સ્ટાર ખેલાડી લેમ્પાર્ડ હાલ નિવૃતિ લેવાના નથી.
- લાંઘણજ નજીક કરોડોનું સીંગતેલ ચોરીનું પકડાયું.
- સોમનાથ મંદિરમાં મોટી નાણાંકીય ગેરરીતિ થઈ હોવાનું કબુલતા ટ્રસ્ટી.
- અમિતાભ-જયાનો ૪૧મો લગ્નદિવસ ઉજવાયો. પરિવારના બધા જ સભ્યો એકબીજાથી દુર.
- ભારતમાં રોજ ૪૬૧ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે.

## ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

ડોકટરો તમને એને અનુરૂપ દવા આપે છે. એમાં એવી દવા હોય છે કે જેથી તમારું મન શાંત થઇ જાય. તમારી પાચનક્રિયા મંદ પડી ગઇ હોય તો તેને અનુરૂપ દવા આપે, તમને અવનવી વિટામીનની દવાઓ આપે એટલે આ બધી જ જે એલોપેથિક ટ્રીટમેન્ટ છે. તેનાથી દર્દીનો મેટાબોલીઝમ જે ઘટી ગયો હતો તે સ્થિર થાય છે. તમારી કોઇની સાથે વાદવિવાદ થયો હોય, તમારી અપમાનજક પરિસ્થિતિ પેદા થઇ હોય, તમારે તમારા શરીરના ધબકારા વધી જાય છે તમારું બ્લડપ્રેશર વધી જાય કે ઘટી જાય છે તમે ગુસ્સો કરો છો, પરિણામે તમારા મેટાબોલીઝમમાં ઘટાડો થાય છે. શરીરની મનની આંતરક્રિયાઓ ઉપર વિઘાતક અસર થાય છે. તમે થાક, કંટાળો અનુભવો છો જે તમારા મેટાબોલીઝમમાં થયેલા ઘટાડાનું પરિણામ છે. સેન્સેટીવ લોકોનો મેટાબોલીઝમ અસ્થિર રહેતો હોય છે.

ટૂંકમાં માત્ર ખોરાકથી જ માનવી તંદુરસ્ત રહે તેવું નથી. ખોરાક ઉપરાંત તેના મગજની સ્ફૂર્તિ તેના મગજ ઉપર અસર કરતી કેટલી બાહ્ય ઘટનાઓ, માનવીને કરવા પડતાં અણગમતા રોજબરોજના એક સરખાં કામો કે તેની આર્થિક સામાજિક કૌટુંબિક સમસ્યાઓ આ બધાની અસર મગજ ઉપર થાય છે અને મગજની અસર તમારી ચયાપચયની પ્રક્રિયા ઉપર થાય છે. હૃદયના ધબકારા વધઘટ થાય છે. અપચો થાય છે અને પરિણામે તમારા મેટાબોલીઝમ ઉપર નકારાત્મક અસર થાય છે. ટૂંકમાં વ્યવસ્થિત નિયમિત ખોરાક, નિયમિત પૂરતી નિંદ્રા, તમારા મનની સ્ફૂર્તિ, માનસિક સંતોષ, આનંદ આ બધાં જ તમારી પાચનક્રિયાને મજબૂત બનાવશે. પરિણામે શરીરમાં પોષકતત્વો પૂરતાં પેદા થશે. તમારો મેટાબોલીઝમ સ્થિર થશે કે વધશે. ચેતનાનો સંદેશો એટલો જ કે મન ચંગા તો કથરોટમે ગંગા. તમારી પાસે લાખો રૂપિયા હશે પણ તમારું મન સ્થિર નહિં હોય કયાંક ભટકતું હશે મનમાં અસંતોષ હશે. જેમાં એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરેલો કે પતિપત્ની હંમેશા ઝઘડતા રહેતા. બધી રીતે સુખી હતા છતાં તેઓનું મેટાબોલીઝમ નબળું રહેતું હતું. પરંતુ પતિદેવ કે પત્નીને કોઇ પ્રેમી કે પ્રેમીકા મળી જાય તો તેનો મેટાબોલીઝમ એકદમ વધી ગયેલો માલૂમ પડેલો. સંતોષી નર સદા સુખી. He lives wow, Who taken the world as it comes. સંજોગોને આધીન રહીને સંઘર્ષો સામે ટકી રહીને આનંદથી સંતોષથી જીવનારા લોકોનો મેટાબોલીઝમ સ્થિર અને ઊંચો રહે છે. તેઓ લાંબુ જીવે છે. મેટાબોલીઝમની સમસ્યામાં કેટલાક લોકો આપઘાત કરે છે, ખુનામરકી કરે છે વાતવાતમાં જેની તેની સાથે ઝઘડો કરી બેસે છે. તેના ઘણાં કારણો હોઇ શકે પરંતુ એક કારણ તેને મેટાબોલીઝમ ઘટી ગયો હોય છે. મેટાબોલીઝમ ઘટી જવાના કારણો આગળ જોયા.

રોજબરોજ સવારથી ઉઠ્યા બાદ રાત પડે ત્યાં સુધીમાં તમારા મેટાબોલીઝમમાં વધઘટ થઇ શકે છે. તમારા માનસિક આવેગો વગેરેની અસર થતી હોય છે એટલે સવારથી ઉઠ્યા બાદ આખોદિવસ તમારા આવેગોને તમારી જીવન ક્રિયાને, સંજોગોને એડજેસ્ટ કરીને જીવવાનું શીખો, તમારો મેટાબોલીઝમ આખો દિવસ સ્થિર રહેશે. તમે દિવસ આનંદથી સ્ફૂર્તિ લો વીતાવી શકશો, એનાથી નિંદ્રા લઇ શકશો. તમારો આનંદ ક્યારેક બીજાના મેટાબોલીઝમને વધારી દેશે. તમારો ક્રોધ, ગુસ્સો કંટાળો બીજાને નુકશાન પહોંચાડે તેનો મેટાબોલીઝમ ઘટાડી દેશે. Take Care Be happy. જીવો અને જીવવા દો, પણ આનંદથી હો.

(નરેન્દ્ર મોદીના મેટાબોલીઝમ આજે આસમાને છે. તેના મેટાબોલીઝમ તેને વડાપ્રધાનપદે બેસાડ્યા છે. તેના મેટાબોલીઝમમાં કદી અસ્થિરતા નથી આવી, જાળવી રાખ્યું છે.)

### કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઇરાનીની હિલચાલ શરૂ

## દિલ્હી યુનિવર્સિટીના ૪ વર્ષના યુજી પ્રોગ્રામને રદ કરી શકાય

નવી દિલ્હી,તા. ૫

દિલ્હી યુનિવર્સિટીના ચાર વર્ષના અંડરગ્રેજુએટ પ્રોગ્રામ (યુજી)ને રદ કરવામાં આવે તેવી શક્યતા છે. માનવ સંશાધન વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાની દ્વારા આ દિશામાં હિલચાલ શરૂ કરી દેવામાં આવી છે. ઉચ્ચસ્તરીય સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે માનવ સંશાધન વિકાસ પ્રધાન આગળ વધવા મક્કમ છે. દિલ્હી યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર દિનેશ સિંહ દ્વારા શિક્ષણ સચિવ અશોક ઠાકુર સાથે વાતચીત કરીને આ હિલચાલનો વાંધો ઉઠાવ્યો ચે. સાથે સાથે દિલ્હી યુનિવર્સિટીના ચાર વર્ષના યુજી કાર્યક્રમની અસરકારતા અંગે વાત કરી છે. સાથે સાથે તેની દુરગામી અસરને લઈન પણ વાત કરી છે. ચાર વર્ષના અંડરગ્રેજુએટ પ્રોગ્રામની સમીક્ષામાં સામેલ રહેલા એક વરિષ્ઠ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે માનવ સંશાધન વિકાસ દ્વારા હિલચાલ ચોક્કસપણે ચાલી રહી છે. સંઘ અને ભાજપનો ટેકો ધરાવતા નેશનલ ડેમોક્રેટિક ટીચર્સ ફ્રન્ટ અને અન્યો દ્વારા રજૂઆત કરવામાં આવી રહી છે. આના માટે લોબી ચાલી રહી છે. નિર્ણય ક્યારેય જાહેર કરાશે તે અંગે પુછવામાં આવતા સુત્રોએ કહ્યું હતું કે આ ખુબ મોટો નિર્ણય છે. સાથે સાથે ભાજપ દ્વારા આપવામાં આવેલા ચૂંટણી વચનો પૈકીનો એક છે.

માનવ સંશાધન વિકાસ પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સ્મૃતિ ઈરાનીને લઈન પણ વિવાદ થઈ ગયો છે. તેમના શિક્ષણને લઈન વિવાદ થયો હતો. હવે દિલ્હી યુનિવર્સિટીના ચાર વર્ષના આ પ્રોગ્રામને રદ કરવાથી વધુ ટિકાનો દોર શરૂ થાય તેવી શક્યતા છે. વિદ્યાર્થીઓને પણ તકલીફ પડી શકે છે.